પરિપત્ર:

વિષય : BSC(Nur.) Sem-6 (AUG-26) (NEW ERP) માં લેવાયેલ પરીક્ષાના પરીણામ બાબત

સંદર્ભ : (૧) પરીક્ષા વિભાગ દ્વારા તા. ૧૬/૧૧/૨૦૨૬ ની નોંધ. ૨૭૪ પર મળેલ મંજુરી અન્વયે

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સર્વે સંબંધીત નર્સિંગ કોલેજના આચાર્યશ્રીઓ તેમજ વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોને જણાવવામાં આવે છે કે, અત્રેની યુનિવર્સિટી દ્વારા લેવાયેલ નીચે મુજબની વિદ્યાશાખાઓની પરીક્ષાઓનાં પરીણામ જાહેર કરવામાં આવેલ છે.

SR. NO.	EXAM NAME
1	BSC(Nur.) Sem-6 (AUG-26) (NEW ERP)

આ સાથે સામેલ માર્ગદર્શિકા મુજબ પોતાનાં **SPU ID અને પાસવર્ડ નાખી પોતાનું** પરિણામ ઓનલાઇન જોઈ શકશે. (જે વિદ્યાર્થીઓ પાસે પાસવર્ડ ના હોય તેમણે Forgot password કરીને પણ પાસવર્ડ મેળવી શકાશે.)

જે વિદ્યાર્થીઓ પોતાના પરીણામથી અસંતુષ્ટ હોય તેવા વિદ્યાર્થીઓ નીચે આપેલ માર્ગદર્શીકા અનુસરીને **તા.૧૭-૧૧-૨૦૨૬ થી તા.૨૩-૧૧-૨૦૨૬** સુધીમાં ઓનલાઇન પુન:મુલ્યાંકન માટેની અરજી કરી શકશે. નર્સિંગ કોર્ષમાં **વધુમાં વધુ બે વિષયમાં** પુન:મુલ્યાંકન માટે અરજી કરી શકાશે જેની સર્વે સંબંધીતોએ ખાસ નોંધ લેવી. **(પ્રતિ સેકશન દીઠ પુન: મુલ્યાંકન કરાવવા માટેની ફી રૂ.૨૫૦/- રહેશે.)**

જે વિદ્યાર્થીઓના પરીણામમાં – (ડેસ, NE) અથવા ગેરહાજર, વિષયમાં ફેરફાર હોય તેમજ અન્ય ક્વેરી હોય તેવા વિદ્યાર્થીઓના પરીણામમાં સુધારો કરવા માટે જે તે કોલેજ દ્વારા કોલેજનાં લેટરપેડ સાથે વિદ્યાર્થીએ જે પરીક્ષા આપેલી છે તેના જરૂરી ડોક્યુમેન્ટ સાથે યુનિવર્સિટીના પરીક્ષા વિભાગને **તા.૨૩/૧૧/૨૦૨૬** સુધીમાં (પરીણામની હાર્ડકોપીની પ્રતિક્ષા કર્યા વગર) અરજી સાથે જમા કરાવવાના રહેશે. સમયમર્યાદા બાદ આવનાર અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી જેની નોંધ લેવી.

ખાસ નોંધ: જે વિદ્યાર્થીઓને માઇગ્રેશન જમા કરાવેલ નહિ હોય તે વિદ્યાર્થીઓ પરિણામ જોઈ શકાશે નહિ.

બીડાણ : (૧) નવા સોફ્ટવેરમાં પરિણામ ઓનલાઇન જોવા તેમજ પ્રિન્ટ કરવા માટેની માર્ગદર્શીકા
(૨) નવા સોફ્ટવેર અંતર્ગત વિદ્યાર્થીએ પુન:મુલ્યાંકન ફોર્મ ઓનલાઇન ભરવા અંગેની માર્ગદર્શીકા

ડી. ડી. પ્રો. ચુડાસમા
પરીક્ષા નિયામક

ક્રમાંક/બીકેએનએમયુ/પરીક્ષા/૨૦૭૯/૨૦૨૬, તા.૧૬/૧૧/૨૦૨૬
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જૂનાગઢ-૩૬૨૨૬૩
પ્રતિ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સર્વે નર્સિંગ કોલેજના આચાર્યશ્રીઓ તેમજ વિદ્યાર્થીભાઈઓ તથા બહેનો તરફ...
નકલ સવિનય રવાના:-

(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી (જાણ અર્થે)
(૨) આઇ.ટી. સેલ (જરૂરી કાર્યવાહી અર્થે અને વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા અર્થે.)
(૩) ચીફ એસેસમેન્ટ કોર્ડિનેટર મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર સમયસર પુનઃ મૂલ્યાંકનની કાર્યવાહી અર્થે ધ્યાને લેવું.